# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

## સત્સંગ વિહાર - ૩ : પ્રેક્ટિસ પેપર - ૧

## જવાબપત્ર - ૧

**સમય : ૧ કલાક**
**કુલ ગુણ : ૫૦**

**પ્ર.૧ સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો.** **[૨૫]**

૧. કર્મસિધ્ધાંત, પુનર્જન્મ, અવતારવાદ તથા મૂર્તિપૂજાની માન્યતા ઉપરાંત કયો સબંધ હિન્દુધર્મમાં અગત્યનો ભાગ ભજવે છે? (પાઠ-૧)
(૧) મા-દીકરો **(૨) ગુરુ-શિષ્ય** (૩) શેઠ-નોકર — ૧. ૨

૨. વ્યાસજીએ હિન્દુધર્મ પ્રમાણે જીવનનો ધ્યેય શું કહ્યો? (પાઠ-૧)
(૧) કર્મ, પુનર્જન્મ, અવતારવાદ તથા મૂર્તિપૂજામાં માનવું — ૨. ૩
(૨) શાસ્ત્રોનો અભ્યાસ કરવો **(૩) ભગવાનને પામવા**

૩. સત્યકામના ગુરુનું નામ શું હતું? (પાઠ-૧)
**(૧) ગૌતમઋષિ** (૨) વ્યાસજી (૩) સાંદિપનીઋષિ — ૩. ૧

૪. જીવનની સફળતા માટે કયા ચાર પુરુષાર્થ સિધ્ધ કરવા જોઈએ? (પાઠ-૧)
(૧) ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, મોક્ષ (૨) ધર્મ, અર્થ, જ્ઞાન, મોક્ષ — ૪. ૩
**(૩) ધર્મ, અર્થ, કામ, મોક્ષ**

૫. ઘનશ્યામ મોટા થઈને શું બનશે? તે પરીક્ષા કરવા ધર્મદેવે પાટલા ઉપર કઈ ત્રણ વસ્તુઓ મૂકી? (પાઠ-૩)
(૧) કટાર, સોનાનો નેકલેસ, ભગવાનની મૂર્તિ — ૫. ૩
(૨) ઢાલ, સોનામહોર, ભગવાનની મૂર્તિ
**(૩) કટાર, સોનામહોર, ધર્મશાસ્ત્ર**

૬. સંઘા પટેલ કયા ગામમાં રહેતા હતા? (પાઠ-૬)
(૧) ગઢડા **(૨) લોયા** (૩) લોજ — ૬. ૨

૭. મહારાજે નાજા જોગીઆની પ્રાર્થના ક્યાં સાંભળી? (પાઠ-૭)
**(૧) ૨૫૦ કિ.મી. દૂર વીસનગરમાં** (૨) ૨૫૦ કિ.મી. દૂર વડતાલમાં — ૭. ૧
(૩) ૨૦૦ કિ.મી. દૂર વડોદરામાં

૮. પાંચ અનાદિ તત્વો કયા છે? (પાઠ-૧૧)
(૧) ધર્મ, જ્ઞાન, કામ, અર્થ, મોક્ષ (૨) ધર્મ, કામ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ — ૮. ૩
**(૩) જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ**

૯. પ્રાણવલ્લભ ક્યાંના હતા? (પાઠ-૮)
(૧) ગોંડલના **(૨) અમદાવાદના** (૩) સારંગપુરના — ૯. ૨

૧૦. ભગવાન સ્વામિનારાયણ આપણને તેમના ધામમાં લઈ જાય તે માટે શું કરવું જોઈએ? (પાઠ-૮)
(૧) દુર્ગમ પહાડ ચઢવા જોઈએ (૨) જંગલમાં રહેવું **(૩) ભગવાનનું શરણું લેવું.** — ૧૦. ૩

D:\D Drive\PARIXA PARDESH\SV-1 2 3 Practice Paper 23-9-23\SV3\50 Marks SV3 Guj Paper\SV 3 Guj Practice Paper-1.1 01Ans

**૧૧.** ક્યા ગામમાં મહારાજે ફૂલદોલનો ઉત્સવ કર્યો? (પાઠ-૯)

**(૧) વરતાલ** (૨) જૂનાગઢ (૩) કનકોટ **૧૧.** | ૧ |

**૧૨.** ક્યા હરિભક્ત તીર્થોમાં ફરીને જૂનાગઢ આવ્યાં ત્યાં તેમણે શુદ્ધ ઉપાસના જોઈ? (પાઠ-૧૦)

**(૧) કરૂણાશંકર** (૨) ગિરધરભાઈ (૩) કલ્યાણભાઈ **૧૧.** | ૧ |

**૧૩.** ગુણાતીતાનંદ સ્વામી ધામમાં પધાર્યા ત્યારે તેમની ઉંમર કેટલી હતી? (પાઠ-૧૦)

(૧) ૮૭ વર્ષ (૨) ૮૬ વર્ષ **(૩) ૮૨ વર્ષ** **૧૩.** | ૩ |

**૧૪.** મલાવના બાળક શંભુની ઉંમર કેટલી હતી? (પાઠ-૧૬)

(૧) ૨ વર્ષ (૨) ૩ માસ **(૩) ૪ વર્ષ** **૧૪.** | ૩ |

**૧૫.** તા. ૧૦-૧૨-૧૯૯૩ના રોજ પ્રમુખસ્વામી મહારાજ ટ્રેનમાં ક્યાં જતા હતા? (પાઠ-૧૭)

(૧) જૂનાગઢથી વરતાલ **(૨) આણંદથી મુંબઈ** (૩) મહુવાથી વરતાલ **૧૫.** | ૨ |

**૧૬.** હરિદાસે સ્વામીને શું લાવવાની ખાતરી આપી? (પાઠ-૧૫)

(૧) તેમના પિતાને (૨) બાપાની સેવા કરેલી તે સાધુને **૧૬.** | ૩ |

**(૩) જે સાધુએ સ્ત્રી અને ધનનો ત્યાગ કર્યો છે તેને**

**૧૭.** મલાવના બાળક શંભુએ સ્વામીબાપાને શું કહ્યું? (પાઠ-૧૬)

(૧) મને આશીર્વાદ આપો (૨) મારા ગામમાં મંદિર બનાવો **૧૭.** | ૩ |

**(૩) બાપા! મારા ઘરે આવશો?**

**૧૮.** મલાવ ગામમાં સ્વામીની મોટર કેટલા વાગે પહોંચી? (પાઠ-૧૬)

(૧) ૮ વાગ્યે **(૨) ૧૦ વાગ્યે** (૩) ૯ વાગ્યે **૧૮.** | ૨ |

**૧૯.** ક્યા શહેરમાં સ્વામીશ્રીને મોજડી પહેરવામાં અવળસવળ થઈ હતી? (પાઠ-૧૬)

**(૧) ફીલાડેલ્ફીઆ** (૨) વરતાલ (૩) મલાવ **૧૯.** | ૧ |

**૨૦.** આદર્શ સત્સંગીની દિનચર્યા ક્યા ગ્રંથમાં શીખવાડવામાં આવે છે? (પાઠ-૨૨)

(૧) વચનામૃત **(૨) શિક્ષાપત્રી** (૩) ભક્તચિંતામણી **૨૦.** | ૨ |

**૨૧.** ''ભગવાનનું ભજન કરવા બેસે તે સમે ઘડી કે અર્ધી ઘડી એકાગ્ર થઈને ભજનમાં જોડાય તો સમગ્ર (દિવસનાં બધાં) પાપ બળીને ભસ્મ થઈ જાય છે.''

- આવું શ્રીજી મહારાજે ક્યા વચનામૃતમાં કહ્યું છે? (પાઠ-૨૨)

**(૧) ગઢડા મધ્ય - ૬૨** (૨) ગઢડા મધ્ય - ૬૮ (૩) ગઢડા મધ્ય - ૫૬ **૨૧.** | ૧ |

**૨૨.** ઘરસભા કરવાથી આપણું ઘર કેવું બને છે? (પાઠ-૨૨)

(૧) શાળા જેવું (૨) બંગલા જેવું **(૩) મંદિર જેવું** **૨૨.** | ૩ |

**૨૩.** ભરવાડની પત્નીએ બંને સત્સંગીઓને દાનમાં આપેલી ગાયોને પાછી તેમના ઝોકમાં બોલાવીને શું કર્યું? (પાઠ-૨૨)

**(૧) ગાયોનું પૂજન કર્યું** (૨) આરતી ઉતારી (૩) તેમનું દૂધ દોહ્યું **૨૩.** | ૧ |

**૨૪.** ગોપાળાનંદ સ્વામીની કથા સાંભળવા સદાશિવભાઈ કેટલા દિવસ રોકાયા? (પાઠ-૨૩)

(૧) ૧૧ (૨) ૩ **(૩) ૭** **૨૪.** | ૩ |

**૨૫.** આપણે કેવું અન્ન ખાવું જોઈએ? (પાઠ-૨૨)

**(૧) પ્રસાદીય અન્ન** (૨) હોટલમાંથી લાવેલું (૩) બંને વિકલ્પ **૨૫.** | ૧ |

**પ્ર.૨ નીચેના વાક્યો ખરાં (✓) છે કે ખોટાં (✗)તેની નિશાની સામેના ખાનામાં કરો.** **[૧૦]**

| | | | |
|---|---|---|---|
| **૧.** | હિંદુ ધર્મનો મુખ્ય આધારભૂત ગ્રંથ વેદ છે. (પાઠ-૨) | **૧.** | ✓ |
| **૨.** | હિંદુઓ માને છે કે ભગવાન અનેક છે. (પાઠ-૨) | **૨.** | ✗ |
| **૩.** | ચીનના હ્યુ-એન-ત્સંગ તેમની સાથે ૬૫૭ કિલો સોનુ ભરેલી બેગો લઈ ગયા. (પાઠ-૨) | **૩.** | ✗ |
| **૪.** | હિંદુઓની આદર્શ માન્યતા છે કે સારા ભક્ત થઈ ગુરુની ઉપાસના કરવી. (પાઠ-૧૨) | **૪.** | ✗ |
| **૫.** | પ્રાણવલ્લભની છેલ્લી ઈચ્છા હતી કે તેમને બધા લોકોને જણાવવું હતું કે તેમના અંતકાળે શ્રીજી મહારાજ તેમને લેવા આવ્યા છે. (પાઠ-૮) | **૫.** | ✓ |
| **૬.** | ફૂલદોલ ઉત્સવ વખતે મહારાજે બે વૃંદ બનાવ્યા. (પાઠ-૯) | **૬.** | ✓ |
| **૭.** | રંગથી બચવા મહારાજ ઢોલીયા ઉપર ચઢી ગયા પણ ઢોલીયાનો છેડો તૂટી ગયો.(પાઠ-૯) | **૭.** | ✗ |
| **૮.** | ભગતજી મહારાજના અવસાનના સમાચાર આવ્યા ત્યારે શાસ્ત્રીજી મહારાજ રાજકોટમાં હતા. (પાઠ-૧૦) | **૮.** | ✓ |
| **૯.** | જૂનાગઢના હરિદાસજી પાંચ ધામની યાત્રાએ જવાના હતા. (પાઠ-૧૫) | **૯.** | ✗ |
| **૧૦.** | નિષ્કામ વર્તમાન એટલે નિર્માનીપણું. (પાઠ-૧૭) | **૧૦.** | ✗ |

**પ્ર.૩ નીચે આપેલા પ્રશ્નોના ૧ કે ૨ વાક્યમાં જવાબ લખો.** **[૬]**

**૧.** સ્વામિનારાયણના સાધુના પંચ વર્તમાન કયા છે? (પાઠ-૧૫)

**જ. ભગવાન સ્વામિનારાયણે સંતો માટેના આપેલા પંચ વર્તમાન છે - નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન.**

**૨.** પોંડિચેરી રેલ્વે સ્ટેશને યોગીજી મહારાજે શું કર્યું? (પાઠ-૧૪)

**જ. પોંડિચેરી રેલ્વે સ્ટેશને યોગીજી મહારાજે હરિભક્તોનો સામાન મુકેલી ૧૮ ડબ્બાની ટ્રેનની દોઢ પ્રદક્ષિણા કરી અને ટ્રેનને દંડવત્ કર્યા.**

**૩.** મગનીરામને ગુરુ ક્યાં મળ્યા હતા અને તે શેના જાણકાર હતા? (પાઠ-૫)

**જ. મગનીરામને બંગાળમાં ગુરુ મળ્યા તે મેલી વિદ્યાના જાણકાર હતા.**

**પ્ર.૪ મુખપાઠ પંક્તિ પૂર્ણ કરો.** **[૪]**

**૧.** ૐ સહનાવવતુ ................................... ઓમ શાંતિ. શાંતિ. શાંતિ. (પાઠ-૩૭)

**જ. ૐ સહનાવવતુ, સહ નૌ ભુનક્તુ,**
**સહ વીર્યં કરવાવહૈ ।**
**તેજસ્વિનાવધીતમસ્તુ, મા વિદ્વિષાવહૈ ॥**
**ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥**

૨. રોજ સવારે પૂજામાં કરવાની પ્રાર્થના ....................................... (પાઠ-૩૭)

જ. **હે મહારાજ, હે સ્વામી ! હે મહંતસ્વામી મહારાજ! હું હંમેશાં આપની આજ્ઞા પાળું, ખરાબ કાર્ય ન કરું, આપને રાજી કરી શકું તેવાં બળ-બુદ્ધિ આપજો. કુસંગ થકી રક્ષા કરજો અને સારાનો સંગ આપજો. માતાપિતાની સેવા કરું અને અભ્યાસ બરાબર કરું અને આપનો આદર્શ ભક્ત બનું એવી શક્તિ આપજો.**

**પ્ર.૫ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૫]**

**૧.** સમજાવો સત્યકામ શું શીખ્યો? **(પાઠ-૧)**

**૨.** સમજાવો વજીબાએ શું જોયું? **(પાઠ-૨૦)**

**૩.** જાણવા જેવું : ગુરુહરિ મહંતસ્વામી મહારાજ **(પાઠ-૩૯)**